# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

## "મુખ્યમંત્રીશ્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા -૨૦૨૩ પરીણામનું જાહેરનામું"

જાહેરનામાં ક્રમાંક:રાપબો/જ્ઞા.સા.સ્કો.પરીક્ષા/પરીણામ/૨૦૨૩/૮૧૧૨ - ૮૨૨૦ તા:૨૩/૦૬/૨૦૨૩

વંચાણે લીધા :-

(૧)શિક્ષણ વિભાગના તા:૦૬/૦૫/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક:ED/MSM/e-file/3/2023/0079/CHH તેમજ તા:૦૭/૦૬/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક:ED/MSM/e-file/3/2023/0079/CHH

(૨) કમિશ્નર શાળાઓની કચેરી,ગાંધીનગરના,તા.૧૦/૫/૨૦૨૩ના પત્ર ક્રમાંક:ધ/અનદ-3/માધ્ય/જ્ઞા.સા.સ્કો.યો/૨૦૨૩/ ૬૨૧૭-૧૮

(૩) આ કચેરીના તા:૧૦/૦૫/૨૦૨૩ જાહેરનામા ક્રમાંક:રાપબો/જ્ઞા.સા.સ્કો.પરીક્ષા/૨૦૨૩-૨૪/૫૭૬૯-૫૮૭૭

આમુખ-૧ અને આમુખ-૨ અન્વયે ધોરણ- ૧ થી ૮માં સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળાઓમા સળંગ અભ્યાસ કરી ધોરણ-૮નો અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેમજ બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ (RTE Act, 2009) અને તે હેઠળ રચાયેલા બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર નિયમો, ૨૦૧૨ અન્વયે ૬ થી ૧૪ વર્ષના નબળા વર્ગોના અને વંચિત જૂથના બાળકોને સ્વનિર્ભર શાળાઓમાં વર્ગની સંખ્યાના ૨૫%ની મર્યાદામાં મફત શિક્ષણની જોગવાઈ હેઠળ સ્વનિર્ભર શાળાઓમાં ધોરણ-૧ માં પ્રવેશ મેળવીને ધોરણ-૮ સુધીનો સળંગ અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેમજ તેવા બંને પ્રકારના વિદ્યાર્થીઓના વાલીની જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષા વખતે આવક RTE એક્ટ,૨૦૦૯ની કલમ ૧૨(૧)(સી) હેઠળ પ્રવેશ માટે નિયત થયેલ આવક મર્યાદા કરતા ઓછી હોય તેવા વિદ્યાર્થીઓ પૈકી તેજસ્વી વિધાર્થીઓને આ પરીક્ષાના મેરીટના ધોરણે રાજ્યમાં કાર્યરત સ્વનિર્ભર/સરકારી/ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯માં પ્રવેશ મેળવી ધોરણ-૧૨ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે,તે માટે આવા ગુજરાત રાજ્યના તેજસ્વી વિદ્યાર્થીઓને પસંદ કરી તેમને ધોરણ- ૯ થી ૧૨ સુધી તેમના પસંદગી મુજબના સ્વનિર્ભર શાળાઓમાં અભ્યાસ માટે સ્કોલરશીપ આપવાની 'મુખ્યમંત્રીશ્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના' અમલમાં મુકવામાં આવેલ છે. જેમાં દર વર્ષે ૨૫,૦૦૦ તેજસ્વી વિદ્યાર્થીઓને આ પરીક્ષાના મેરીટના આધારે પસંદ કરીને તેમને ધોરણ-૯ થી ૧૨ સુધીના અભ્યાસ માટે સ્કોલરશીપ આપવામાં આવનાર છે.

આ યોજના અંતર્ગત રાજ્ય પરીક્ષા બોર્ડના જાહેરનામા ક્રમાંક:રાપબો/જ્ઞા.સા.સ્કો.પરીક્ષા/૨૦૨૩-૨૪/૫૭૬૯-૫૮૭૭,તા-૧૦/૦૫/૨૦૨૩ અન્વયે આ જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષાનું તા:૧૧/૦૬/૨૦૨૩ના રોજ તમામ જિલ્લામાં તાલુકા મથકે આવેલ પરીક્ષા કેન્દ્રો ખાતે બપોરે ૧૧.૦૦ થી ૧૩:30 કલાક દરમ્યાન આયોજન કરવામાં આવેલ હતું.

આમુખ-૧ થી ૩ વંચાણે લઇ તારીખ-૨૩/૦૬/૨૦૨૩ના રોજ આ પરીક્ષાનું પરીણામ www.sebexam.org પર જાહેર કરવામાં આવે છે.

❖ **પરીણામની વિગતો:**

| Marks Group | Girls | Boys | Total |
|---|---|---|---|
| 40 To 120 (33.33%) . | 63125 | 51038 | 114163 |
| 60 To 120 (50%) | 15086 | 12955 | 28041 |
| 72 To 120 (60%) | 5020 | 4717 | 9737 |
| 84 To 120 (70%) | 1356 | 1320 | 2676 |
| 96 To 120 (80%) | 177 | 211 | 388 |
| 108 To 120 (90%) | 6 | 9 | 15 |

Scanned with OKEN Scanner

❖ <u>અગત્યની સૂચનાઓ</u>

➢ વિદ્યાર્થી પરીક્ષામાં મેળવેલ ગુણનું <u>ગુણપત્રક</u> www.sebexam.org વેબસાઇટ પર આપેલ " Result " ઓપ્શનમાં વિદ્યાર્થીનો કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખ નાખી અથવા કન્ફર્મેશન નંબર અને Child Adhaar UID Number નંબર નાખી ડાઉનલોડ કરી શકશે.

➢ જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષામાં ૬૦ કે તે કરતા વધુ ગુણ મેળવનાર એટલેકે ૫૦% કે તેના કરતા વધુ ટકા ધરાવતા વિદ્યાર્થીનું Cut off યાદીમાં સમાવેશ કરવામાં આવે છે. આ વિગતો રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા નિયામકશ્રી શાળાઓની કચેરીને મોકલવામાં આવશે.

➢ શિક્ષણ વિભાગના ઠરાવ મુજબ આ યાદી પૈકીના બાળકોના દસ્તાવેજોની ખરાઈ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ નિયામકશ્રી, શાળાઓની સૂચના અનુસાર કરવાની રહેશે. ખરાઈ પછી જે વિદ્યાર્થીઓ સ્કોલરશીપ માટે પાત્ર થાય છે તેવા બાળકોના કામ ચલાઉ મેરીટ લિસ્ટ (Provisional Merit List) નિયામકશ્રી, શાળાઓની કચેરી દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવશે.

➢ રાજ્ય કક્ષાની યાદી તૈયાર કરતી વખતે સરકારના ધારાધોરણ મુજબ અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવશે. અને દરેક કેટેગરીમાં 50% લાભાર્થી કન્યાઓ રહેશે.

➢ ત્યારબાદ ફાઈનલ મેરીટ લિસ્ટ તેમજ સ્કોલરશીપ અંગેની આગળની કાર્યવાહી સરકારશ્રીની યોજના અંતર્ગત ઠરાવ, પરિપત્રોની જોગવાઇ મુજબ નિયમાનુસાર નિયામકશ્રી શાળાઓની કચેરી દ્વારા કરવામાં આવશે. જે અંગે તેઓશ્રી દ્વારા અલગથી સુચના આપવામાં આવશે.

(પી. કે. ત્રિવેદી)
અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૨૩/૦૬/૨૦૨૩

<u>નકલ સવિનય જાણ તથા અમલ સારૂ:</u>

- માન. નિયામકશ્રી,શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ. ( સંબંધિત વિદ્યાર્થીઓના ધ્યાને મુકવા શાળાઓને જાણ કરવા સારૂ)
- જનરલ મેનેજરશ્રી,ઇન્ડેક્ષ-બી, ઉધોગ ભવન,ગાંધીનગર.

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ :</u>

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. સચિવશ્રી(પ્રા.મા.શિક્ષણ)ના અંગત મદદનીશ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,તમામ.
- શાસનાધિકારીશ્રી, તમામ.

Scanned with OKEN Scanner